ઉત્થાનની પહેલ

ઉત્થાન
Utthan

ગંદા પાણીનો યોગ્ય નિકાલ એટલે...

# શોષખાડો

**'' સ્વચ્છતામાં ખુદા વસે, જળમાં વસે છે દેવતા.''**

ઘર અથવા સામુદાયિક સ્થળોમાંથી નીકળતા નહાવા ધોવાના અને ઘર વપરાશના ગંદા પાણીના વ્યવસ્થિત અને સુરક્ષિત નિકાલ માટે શોષખાડો એક સુંદર અને ઉપયોગી વિકલ્પ છે. પાણી નિકાલના સ્થળે માપ પ્રમાણેનો ખાડો કરી તેમાં જુદા જુદા સ્તરે પથ્થરો પૂરી દેવાથી પાણી જમીનમાં ઉતરે છે. જેનાથી ગંદકી, કાદવ અને મચ્છર થતાં નથી.

## શોષખાડો શા માટે ?

- ઘર આંગણાની સ્વચ્છતા માટે
- ઘર અને શેરીમાં કાદવ-કિચડ થતો અટકાવવા માટે.
- ગંદા પાણીના યોગ્ય નિકાલ માટે.
- માખી-મચ્છર દ્વારા ફેલાતા જીવલેણ રોગને અટકાવવા માટે.
- આપણે અને ગામલોકોને કાદવમાં લપસી પડતા અટકાવવા માટે.
- સ્વાસ્થ્ય જાળવણી માટે.

## શોષખાડો કઈ રીતે બનાવી શકાય.

- ઘરમાં પાણીના નિકાલ સ્થળની બાજુમાં ૧ મીટર લંબાઈ × ૧ મીટર પહોળાઈ × ૧ મીટર ઊંડાઈ (૩ ફૂટ ×૩ ફૂટ × ૩ ફૂટ)ના માપનો ખાડો ખોદવો
- ખાડામાં સૌથી નીચે મોટા પથ્થરો પછી તેનાથી નાના પથ્થરો અથવા ઈંટનાં ટુકડા-રોડા અને પછી નાની નાની કપચીના થર કરવા. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)
- પાણી ઉતારવાની જગ્યાએ પાઈપ મૂકવી તથા તેની નીચે કાણાવાળું માટલું અથવા ડબ્બો મૂકવો. ત્યાર બાદ કંતાન મૂકી ખાડાને ઢાંકી દેવો.
- ખાડો સંપૂર્ણ પણે ભરી તેની ઉપરની જમીન સમથળ બનાવવી.
- આ પ્રકારના શોષખાડામાં દરરોજનું ૧૦ થી ૧૫ ડોલ પાણી શોષાઈ શકે છે.
- શોષખાડામાં ધનકચરો ન જાય તેની કાળજી રાખવી અને જો ધનકચરો જતો હોય તો દર ૧૫ દિવસે માટલી અથવા ડબ્બો સાફ કરવો.
- શોષખાડો બનાવવા માટે જમીન અને સ્થળ પ્રમાણે અંદાજિત ૪૦૦ રૂ થી ૭૦૦ રૂ. જેટલો ખર્ચ આવે. પરંતુ જો વ્યક્તિ શ્રમદાન કરે તો ૨૦૦ રૂ માં શોષખાડો તૈયાર થઈ શકે છે.
- શોષખાડો પાણીના સ્ત્રોતથી ૩ થી ૪ મીટર (૧૦ થી ૧૨ ફુટ) દૂર રાખવો જોઈએ જેથી પીવાનું પાણી દૂષિત થતું નથી.
- શોષખાડાથી ભૂગર્ભજળ દૂષિત થતું નથી.

પાણી અને પર્યાવરણ આપણું જીવન છે. ગંદાપાણીનો નિકાલ સુરક્ષિત યોગ્ય રીતે થવો જોઈએ. આ શોષખાડો અનેક રીતે ઉપયોગી સાબિત થાય છે. આનાથી ગંદકી થતી અટકાવી પોતાનું આરોગ્ય સુધારી શકાય છે. અને ઘર આપણું સુંદર સ્વચ્છ બનાવી શકાય છે.

આવો શોષખાડો દરેક ઘરમાં બનાવી શકાય એમાં જરૂર છે માત્ર શ્રમની. આના માટે કોઈ ચીજ બહારથી ખરીદીને લાવવી પડતી નથી બધીજ વસ્તુઓ ગામમાંથી મળી રહે છે.

---

**સ્વચ્છતા જાળવવી એ દરેક નાગરિકની ફરજ અને જવાબદારી છે.**

---

**એક શોષખાડો બનાવવાથી દર વર્ષે ઘર દિઠ રૂા. ૧૦૦૦/- જેટલો દવા પાછળનો ખર્ચ બચાવી શકાય છે.**

---

• વધુ માહિતી માટે •

લોક શિક્ષણ કેન્દ્ર
PEOPLE'S LEARNING CENTRE
પાણી અને સ્વચ્છતા
Water and Sanitation

**ઉત્થાન લોકશિક્ષણ કેન્દ્ર, પાણી અને સ્વચ્છતા - ભાવનગર**

ફોન : ૦૨૭૮-૨૫૭૩૦૬૧

• E-mail : plcwatsan@dataone.in • Website : www.plcwatsanutthan.org.

Arghyam
Safe, sustainable water for all
BANGALORE

● નોંધ : સામાન્ય રીતે જ્યાં જમીન બંધારણ સારું હોય ત્યાં આવા શોષખાડા બનાવાય છે. ●




## શોષખાડો ( ખાળકૂવો)

ખાડાનું માપ : ૩'લંબાઈ×૩'પહોળાઈ×૩'ઊંડાઈ




## શોષખાડા માટે જરૂરી વસ્તુઓ

- ૩ -શોષખાડા માટે -૧ ટ્રેકટર પથ્થર
- ૧ - માટલી (કાણા વાળી)
- મધ્યમ કદની પીવીસી પાઈપ (જરૂર મુજબ લંબાઈ)
- કંતાન ૩.૫ લંબાઈ × ૩.૫ પહોળાઈ
- નાળિયેરનાં છોતરા
- જાળી

નોંધ : ફક્ત શૈક્ષણિક અને ખાનગી વિતરણ માટે જ.